# " લોગ ક્યા કહેંગે "

અલ્લાહતઆલાનો ઈરશાદ છે કે, "તમે ભલાઈ અને પરહેઝગારીની રાહમાં એક બીજાની મદદ કરા કરો, પણ ગુનાહગારી અને અદાવતનાં રસ્તા પર એક બીજાનો તઆવુન ન કરો." આથી સાબિત થાય છે કે ઈન્સાન ની તબીઅતમાં બે તરહનાં અમલ કરવાની ફિતરત છે; નેક અને બદ. નેક અમલ કોઈ પણ હોય જે ઈન્સાનને પસંદ પડતું હોય, જેમાં કૌમો મિલ્લતની ફલાહી, બેહબૂદી અને ઈસ્લાહ થતી હોય, તાઅમીરી કે તાઅલીમી ઊમૂર અંજામ અપાતા હોય તેમાં પસોપૈશ ન કરવું જોઈએ. **ઇન્સાનને પોતાની ઝાતમાં એ જ સોચવું જોઇએ કે જે કામ તે કરે છે તેમાં અલ્લાહની ખુશ્નૂદી છે કે નથી, અને તે જમાઅત અને દાઅવતની બુનિયાદ અને નિઝામને કવી અને મઝબૂત કરશે કે નહીં.** નેક કામ કરતી વક્ત તેનો ફાયદો જ મદદેનઝર રાખવો જોઈએ અને કલ્બો ઝમીરને હાઝિર રાખીને બીજાની પરવાહ કીધા બગૈર તેને બાખૂબી અંજામ આપવું જોઈએ. હર કૌમમાં તાઅરીફ અને મઝમ્મત કરનાર વર્ગ હોય છે. નુક્તાચીની અને ઐબજોઈ કરનારની નિગાહ ફક્ત ખતાઓ નીકાલવા તક જ મેહદૂદ હોય છે, તેની નઝર અને સમઝ આથી આગલ કંઈજ સોચી શકતી નથી. **આ તબકો જ્યારે ખૈર ખ્વાહી કરનાર, જમાઅતની ખિદમતનાં કામો કરનારને જોઇ છે તો હસદની આગથી જલી જાય છે.** તેઓથી કામ થતું નથી, બીજાના અમલ તેઓને ગમતાં નથી. તો એવા લોગોને સમઝી લેવા જોઈએ, પહેચાની લેવા જોઈએ. આ જ લોગોમાં અપને અપની સુલાહીયત, રસાઈ, ઈલ્મીયત, પહોંચ અને ઝહાનતને ઈસ્તેઅમાલમાં લઈને ભલાઈ અને પરહેઝગારીનાં વલવલાને પૈદા કરીને ખૈર કામો કરવા જોઈએ. પછી એમ ન સોચવું જોઈએ કે, **"લોગ ક્યા કહેંગે".**

બાઝ ખૈર આઅમાલનાં નતીજા અને રીઝલ્ટ તાખીર થી મીલે છે. તરક્કીએ મિલ્લત વાસ્તેના કામો કરવા, કરવામાં મદદરૂપ થાવું અને ખૈર નતીજા તરફ લઈ જવા - આ એક પ્રોસેસ છે. અપને લોગો બીજાની વાતોથી ઘણાં ડરીએ છીએ. નુક્સ નીકાલનારની પરવાહ કરીએ છીએ જે એનાં મન્સૂબા અને ઈરાદાઓને પસ્ત કરી નાંખે છે. તરક્કીની રાહમાં રૂકાવટ પૈદા કરે છે.

હવે આથી ઉલ્ટું જો અગર જમાઅતમાં ખરાબી, બિદઅત, બદકારી, બે રાહોરવી, શયતાની આઅમાલ થતા હોય જે સમાજને હકીકતમાં બેઆબરૂ કરે છે, ઉગતા જવાનીયાઓને ગુમરાહ કરે છે, અને મુમિનના દામનને દાગદાર કરે છે અને એવા બદ આઅમાલ રોકવા વાસ્તે દાઅવતનાં મરકઝ તરફથી એઅલાનાત અને બયાનાત થાય છે તો તે પર તવજ્જોહ અને અમલ દર આમદ થાવાને ખિલાફ પરદાપોશી કરીને તેને પીઠ પાછલ નાંખી દેવામાં આવે છે, એવા આઅમાલ કરવામાં અને કરાવવામાં એ જ સ્લોગન કેમ નથી બોલતા કે, **"લોગ ક્યા કહેંગે".**

**કૌમ તેના વાસ્તે શું કરે છે એ જોવાને બદલે તે પોતાની કૌમ વાસ્તે કેટલો ઘસાય છે એ જોઈ તો શાયદ તમામ સવાલોના જવાબો હાસિલ થઈ જાય.**

શરીઅતે ઈસ્લામમાં માઅરૂફનાં હુકુમ સાથે મુન્કરની મનાઈનો પણ એટલો જ સખ્ત હુકુમ આવેલો છે. ઉમદા કામ કરતી વક્ત લોગોની પરવાહ કરવી જાઈઝ માનવું; અને બદતર-મુન્કર અમલ થાય તો લોગોના તઅસ્સુરાત શું હશે અને એની ખરાબી સમાજ-મિલ્લતને કેટલી ખોખલી કરી નાંખશે એની બિલકુલ પરવાહ નહીં! બાઝ લોગોનો એમ ખયાલે ખામ છે કે, અપની કૌમ તરક્કી અને બેહબૂદીની રાહ પર ગામઝન નથી, અને બીજી કૌમની તરક્કી અને તાઅમીરનાં કામો જે એકબીજાનાં માલી અને જાની તઆવુનથી થતા હોય છે તે જોઈને તેઓની આઁખો અંજાય જાય છે અને એહસાસે કમ્તરીનો શિકાર થઈ જાય છે. અને ફિકરમંદ તેમજ હોશમંદ શખ્સોનાં દિલમાં સવાલ ઉઠે છે કે, **"આપણામાં શું નથી જે બીજામાં છે ?"** હરએક કૌમ અને સમાજમાં ખૂબીઓ અને ખામીઓ હોય છે. ખામીઓ પર પડદો નાંખવાનો હોય છે અને ખૂબીઓને બિરદાવીને બહાર લાવવાની હોય છે. સાહેબે લિયાકતો કાબેલીયતને સરાહીને હોંસલા અફઝાઈ કરવાની હોય છે જેથી જે ખિદમતે કૌમનું નેક અમલ તે અંજામ આપે તેમાં તે ઔર ઝિયાદહ જદ્દોકદ અને મેહનત કરીને કામને સહીહ તરીકાથી અસર અંદાઝ બનાવી શકે. આથી ખિલાફ જો એની નુક્તાચીની, દાગબીની કરીને તેના હોંસલા પસ્ત કરી દેવામાં આવે અને બદનામ કરવામાં આવે તો તે હરગિઝ દોબારા તે કારેખૈર કરવા તૈયાર થશે નહીં. મુમેનીનને આ જ આદતે ખબીસાને સુધારવાની ઝરૂરત છે. **કૌમ તેના વાસ્તે શું કરે છે એ જોવાને બદલે તે પોતાની કૌમ વાસ્તે કેટલો ઘસાય છે એ જોઇ તો શાયદ તમામ સવાલોના જવાબો હાસિલ થઇ જાય.** અલવી મુમેનીનને અલ્લાહતઆલાએ સૈયદના સાહબ (ત.ઉ.શ.) અને જનાબ માઝૂન સાહબ (દા.ઝી.) જેવા હોનહાર અને દુરંદેશ રબ્બાન-કપ્તાન આપેલા છે જે અલવી કશ્તીને ગરદિશે ઝમાનામાંથી પાર લગાવવા વાસ્તે દિલોજાનથી કોશિશ કરી રહ્યા છે.

"તલબ ન હો તો કિસી દરસે કુછ નહીં મિલતા,
અગર તલબ હો તો દોનોં જહાં સે મિલતા હૈ."
"રૂસ્તમ રહા ઝમીં પે ન નૌશેરવાં રહા,
મરદોંકા આસ્માંકે તલે નામ રહ ગયા." ★